ગાંધીનગર સમાચાર



**શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાથીઓ દ્વારા માતૃ-પિતૃ વંદના સહપૂજન**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ ૧-૨નાં વિદ્યાર્થીઓ માતૃ-પિતૃ વંદના સહ પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૮ જેટલા વિદ્યાર્થીઆએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ દાદા-દાદી અને માતા-પિતાને કુમકુમ અને અક્ષતનો ચાંદલો કરી આરતી ઉતારી હતી અને ચરણ સ્પર્શ કરી જીવનની સફળતાનાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. શાળાનાં શિક્ષકોએ માતૃ-પિતૃ વંદના સહ પૂજનનું મહત્વ સમજાવી માતા-પિતા અને દાદા- દાદીનું જીવનમાં શું સ્થાન છે તેનું જ્ઞાન આપી પૂજન કરવા એગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યકમ દરમિયાન આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓ માતા-પિતાને હંમેશને માટે સહયોગ આપી માતા-પિતા તથા જ્ઞાન પ્રદાન કરતાં ગુરૂજનોની આજ્ઞાનું પાલન કરી જીવનમાં પ્રગતિ કરે તેવી શીખ આપી અભિનંદન પાઠવ્યા હતા.

## કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કૉલેજ એનએસએસ યુનિટના સ્વયંસેવકો દ્વારા કોવિડ-૧૯ મહામારી સામેની જંગ માટે પ્રતિજ્ઞા લેવાઈ

ગાંધીનગર, તા. ૬

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨ ૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના ના સ્વયંસેવકો માટે કોવિડ મહામારી થી પોતે અને સમાજ ને કઈ રીતે બચાવવા તે બાબતે ભારત સરકાર અને માનનીય પ્રધાનમંત્રીના નિર્દેશ અનુસાર પ્રતિજ્ઞા લેવડાવવા માં આવી હતી કાર્યક્રમ માં કુલ ૧૫૦ વોલીયંટર્સ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને ઉપરોક્ત ત્રાસદી સામે લડત આપવા ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ કોલેજના ઉપાચાર્ય ડો.જયેશ તન્ના સાહેબ વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી વિષય પર રસપ્રદ ભૂમિકા બાંધી હતી.તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી. અને જરૂરી સંકલન કર્યું હતું.ત્યારબાદ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને આગામી કાર્યક્રમોની રૂપરેખા આપી હતી તેમજ પ્રતિજ્ઞાનું વાંચન કરી વિદ્યાર્થીઓને શપથ લેવડાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોલેજના NSS યુનિટ દ્વારા અનેક કાર્યક્રમો વર્ષપર્યંત કરવા માં આવે છે જેથી વિદ્યાર્થીઓ નો સર્વાંગી વિકાસ તેમજ સમાજ નું ઉત્થાન થઈ શકે.આજ ના કાર્યક્રમ બાબતે વીદ્યાર્થીઓ માં અનેરો ઉત્સાહ જણાતો હતો અને તેઓ દ્વારા ઉપરોક્ત પ્રતિજ્ઞા નું સંપૂર્ણ પાલન પોતે કરશે તેમજ સમાજ માં જઈ લોકો ને પણ આ બાબતે પ્રેરિત કરશે.તેમજ આગામી દિવસો માં અન્ય નવા કાર્યોમાં પણ તત્પરતા થી જોડાશે તેમ જણાવ્યુ હતું. સમગ્ર શપથગ્રહણ કાર્યક્રમમાં કોલેજ ના અધ્યાપકો તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ પણ જોડાયા હતા.સમગ્ર કાર્યક્રમ બાબત યુનિવર્સિટી દ્વજીજી વિભાગના હેડ રણછોડભાઈ રથવીનો સહકાર સાંપડ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.



# બાપુ ગુજરાત નોલેજ વિલેજ અને સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસની કોલેજોનું સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૬

કોરોનાની મહામારીમાં સરકારના આદેશ અને ગાઈડલાઈન મુજબ સોસિયલ ડિસ્ટન્સિંગને અનુસરીને આવનારા દિવાળી અને નવા વર્ષના પર્વને ધ્યાનમાં રાખીને બાપુ ગુજરાત નોલેજ વિલેજ, વાસન અને સમર્પણ એજ્યુકેશન એંડ રીસર્ચ કેમ્પસ ગાંધીનગરની ૯ જેટલી કોલેજોના અધ્યાપક મિત્રોનું સ્નેહમિલન તારીખ ૦૬.૧૧. ૨૦૨૦ ના રોજ સમર્પણ કેમ્પસ ખાતે યોજાયેલ હતું.



આ સ્નેહમિલન અને દિવાળી પર્વના શુભેચ્છા સમારંભમાં બંન્ને ટ્રસ્ટનાં સ્થાપક અને સૌના વંદનીય એવા શંકરસિંહ વાઘેલા બાપુ, ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, પ્રો. રવિકુમાર - ડાયરેક્ટર બાપુજીકેવી, એમ.ડી.પાન્ડે સાહેબ - રજીસ્ટ્રાર સમર્પણ કેમ્પસ, તમામ કોલેજોના આચાર્યો અને અધ્યાપકો હાજર રહી આવનારા દિવાળી અને નવા વર્ષના પર્વની શુભેચ્છા એકબીજાને પાઠવી હતી.

# ‘મેઘાણી@૧૨૫’ અંતર્ગત દિવાળી પર્વ નિમિત્તે વંચિત-જરૂરિયાતમંદ પરિવારોને કીટ વિતરણનો સેવાયજ્ઞ

**ઝવેરચંદ મેઘાણીના પુત્રવધૂ સ્વ. કુસુમબેન નાનકભાઈ મેઘાણીની બીજી પુણ્યતિથિએ પિનાકી મેઘાણી અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા આ પ્રેરક અભિયાનનો આરંભ કરાયા**

ગાંધીનગર, તા. ૬

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ – મેઘાણીજી૧૨૫ નિમિત્તે વંચિત સમાજ, નિરાધાર વિધવા બહેનો, વિચરતી જાતિ સમુદાય, દિવ્યાંગ–વિકલાંગનાં જરૂરિયાતમંદ પરિવારોને અનાજ અને અન્ય જીવન-ઉપયોગી સામગ્રીની કીટ વિતરણનો સેવાયજ્ઞ ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી (મો. ૯૮૨૫૦૨૧૨૭૯) અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનની પ્રેરણાથી શરૂ કરવામાં આવ્યો છે. એક કીટમાં રૂ. ૨૫૦૦ની ઉચ્ચ ગુણવત્તાની ૪૦ કીલો જેટલી સામગ્રી ઘઉ, ચોખા, તુવેરની દાળ, મગ, ચણા, મગની ફોતરાવાળી દાળ, શીંગ તેલ, ચા, ખાંડ, બેસન, મીઠું-મરચું-હળદર-ધાણાજીરૂ, મીઠાઈ-નમકીન ઝવેરચંદ મેઘાણીનાં જીવન અને કાર્ય સાથે સંકળાયેલાં વિવિધ સ્મૃતિ-સ્થળો ચોટીલા, બોટાદ, રાણપુર, ધંધુકા, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, બગસરા ખાતે ભેટ આપવામાં આવી રહી છે. દિવાળીનાં પાવન પર્વમાં વંચિત-જરૂરિયાતમંદ પરિવારોને વેળાસર આ સામગ્રી કામ લાગે તે આશયથી ઝવેરચંદ મેઘાણીના પુત્રવધૂ અને પિનાકી મેઘાણીના માતા સ્વ. કુસુમબેન નાનકભાઈ મેઘાણીની બીજી પુણ્યતિથિ (૦૬ નવેમ્બર)એ ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ ચોટીલા ખાતે આ પ્રેરક અભિયાનનો આરંભ કરાયો હતો. વાલ્મીકિ સમાજમાંથી આવતાં કોરોના-વોરીયર સફાઈ કામદાર ભાઈઓ-બહેનોનાં જરૂરિયાત પરિવારને સહુપ્રથમ આ કીટ આપવામાં આવી હતી જે ખાસ ઉલ્લેખનીય છે.



પિનાકી મેઘાણી ઉપરાંત જન્મભૂમિ ચોટીલા ખાતે શ્રી ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટના જગદીશગિરીબાપુ ગોસાઈ (ડુંગર પરિવાર), કિરીટસિંહ રહેવર (મામા) અને મહિપતસિંહ વાઘેલા, મુંબઈથી સેવાભાવી પીયૂષભાઈ દેસાઈ અને પરિવાર, ચંદ્રિકાબેન, કેયૂર-તર્જની, પ્રિયાંકી-પંક્તિ, અન્વય-મલ્હાર, ખેડૂત આગેવાન ગગુભાઈ ગોહિલ (કોચરીયા) અને વાઘુભાઈ ખવડ (સેજકપુર), શિક્ષણ-જગતમાંથી ઉગ્રસેનસિંહ ગોહિલ, ચોટીલા તાલુકા સરકારી પુસ્તકાલયના અનિશભાઈ લાલાણી, બાલ્યાવસ્થાની લીલાભૂમિ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રી પરાગભાઈ ત્રિવેદી અને કાર્યાલય મંત્રી રાજુલભાઈ દવે, નેશનલ યુથ પ્રોજેકટના રાજેશભાઈ ભાતેલીયા, વાલજીભાઈ પિત્રોડા, અમદાવાદ ખાતે લોકગાયિકા રાધાબેન વ્યાસ, વાલ્મીકિ સમાજમાંથી આવતા ભજનિક-લોકગાયક ગંગારામ વાઘેલા, વાલ્મીકિ યુવા ઉત્થાન મિશનના કે. સી. વાઘેલા, જૈન અગ્રણી જતીનભાઈ ઘીયા, ખાદી-રચનાત્મક કાર્યકર ગોવિંદભાઈ જાદવ, એન.આઈ.ડી.સી. (દિલ્હી)ના નિવૃત્ત ચીફ એન્જિનિયર જગજીવનભાઈ પ્રભુદાસ ગોહિલ (સુદામડાવાળા), પિયૂષભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતાં. ચોટીલા સ્થિત ઝવેરચંદ મેઘાણીનાં ઐતિહાસિક જન્મસ્થળ ખાતે સ્વ. કુસુમબેન મેઘાણીને બીજી પુણ્યતિથિ નિમિત્તે ભાવાંજલિ અર્પણ કરાઈ હતી. મુંબઈ સ્થિત સેવાભાવી દંપતી પીયૂષભાઈ – ચંદ્રિકાબેન દેસાઈનું ભાવભર્યું અભિવાદન કરાયું હતું. પંચનાથ મહાદેવની સામે આવેલ ૧૦૦-વર્ષ પુરાણા નટવર નિવાસ ખાતે પણ કીટનું વિતરણ કરાયું હતું.

## જન્મદિને વધામણી



ભીખાભાઈ પી પ્રજાપતિ
મો. ૭૬૯૮૪ ૨૬૧૬૩



અંશુલ છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮



ઉર્મિત પટેલ

# પારસમણી ફાઉન્ડેશન દ્વારા દિવાળીમાં ‘રંગબેરંગી રંગોળી’ સ્પર્ધાનું આયોજન




ગાંધીનગર, તા. ૬

દિવાળીના ઝળહળતા પર્વને ઉમંગભેર વધાવવા માટે પારસમણી ફાઉન્ડેશન દ્વારા ‘રંગબેરંગી રંગોળી’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. બે વર્ષ અગાઉ પણ ઘરઘરની રંગોળીની સ્પર્ધા પારસમણી ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવી હતી એની સફળતા બાદ આ વખતે કોરોના વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખીને અનોખી રંગોળી સ્પર્ધાનું આયોજન પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું છે.

નિ:શુલ્ક યોજાનારી ‘રંગબેરંગી રંગોળી’ સ્પર્ધા ચાર વિભાગમાં યોજવામાં આવશે જેમાં આઠ વર્ષથી લઈને ૯૯ વર્ષ સુધીના પરિવારનાં સૌ કોઈ ભાગ લઈ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. વિજેતા સ્પર્ધકને ઈનામ આપીને જાહેરમાં સન્માનિત કરવામાં આવશે. આ સ્પર્ધાના કો-ઓર્ડીનેટર તરીકે રિદ્ધિ થોરાત જ્યારે સહ કો-ઓર્ડીનેટર તરીકે લતા શુક્લ અને તરિશી મહિપતસિંહ પરમાર પોતાની સેવાઓ આપી રહ્યા છે. નિર્ણાયક જે તે સ્પર્ધકના ઘરે જઈને રંગોળીનું પ્રત્યક્ષ અવલોકન કરશે. આ સ્પર્ધાની વિગતવાર માહિતી મેળવવા માટે ‘રંગબેરંગી રંગોળી સ્પર્ધા’ એટલું લખીને મોબાઈલ નંબર ૯૪૨૬૮૮૦૪૦૦ ઉપર વોટ્સેપ મેસેજ કરતાં વધુ વિગતો આપવામાં આવશે એમ રિદ્ધિ થોરાત દ્વારા જણાવવામાં આવ્યું છે.

# વિદેશમાં અભ્યાસ કરવા માટે લેવામાં આવતી એસ.એ.ટીની પરીક્ષા વિષે માહિતી આપશો



**કરિયર કોર્નર**
**કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ**
**હાર્દિક કે પરીખ**

નમસ્કાર. “કરિયર કોર્નર” કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.


હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. મારે ધોરણ ૧૦માં ૮૨ ટકા આવેલ છે. મને સાયન્સમાં બી.ગ્રૂપ લેવાની છે. બી.ગ્રૂપ બાદ કયા વિકલ્પો ઉપલબ્ધ હોય છે? માહિતી આપશો.**

**- બ્રિજેશ પટેલ, ગાંધીનગર**

જે વાચક મિત્રો ને ખ્યાલ નથી એમને જણાવી દઈએ કે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ ની પરીક્ષા સામાન્ય રીતે બે જુથોમાં પસાર કરાતી હોય છે. ફિઝિકસ અને કેમેસ્ટ્રી બંનેમાં સામાન્ય હોય, પરંતુ ‘એલ્ર ગ્રુપમાં મુખ્ય વિષય ગણિત હોય જ્યારે ‘બીલ્ર ગ્રુપમાં જીવ વિજ્ઞાન (બાયોલોજી) હોય છે.હવે આપના પ્રશ્ન ઉપર આવીએ તો બી ગ્રુપમાં સૌથી વધુ ડિમાંડ તબીબી ક્ષેત્ર (એમબીબીએસ)ના કોર્સની હોય છે. તેટલો જ મહત્વનો કોર્સ દાંતના ડોક્ટર (બીડીએસ) બનવાનો છે. તો અન્ય જાણીતા કોર્સ હોમિયોપેથી



(બીએચએમએસ) અને આયુર્વેદિક ડોક્ટર (બીએએમએમ) અને નર્સિંગ માટે (બેચલર ઈન નર્સિંગ), ફિઝિયોથેરાપી, ફાર્મસી (બેચલર ઈન ફાર્મસી અને ડિપ્લોમા ઈન ફાર્મસી) આંખના ડોકટરના સહાયક બનવા માટે (બેચલર ઈન ઓપ્થેલમોલોજી), પશુ ચિકિત્સક બનવા માટે (વેટરિનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી), ડેરી ટૅકનૉલૉજિસ્ટ, બી.એસસી.(એગ્રિકલ્ચર), હોમ સાયન્સ, મત્સ્ય ઉછેરને લગતો કોર્સ (હોર્ટિકલ્ચર), જંગલ વિભાગ માટે (ફોરેસ્ટ્રી), માઈક્રો બાયોલોજી, બાયો ટેક્નોલોજી, પ્રાણીશાસ્ત્ર (ઝૂઓલોજી), વનસ્પતિશાસ્ત્ર (બોટની)ના દરવાજા ખખડાવી શકાય છે.હવે આપના બીજા પ્રશ્ન ની વાત કરીએ તો એ સંપૂર્ણ આપના પર આધાર રાખે છે કે આપ ની રુચિ કયા ક્ષેત્ર માં આગળ વધવાની છે.ઉપયુક્ત ક્ષેત્ર માંથી કોઈ પણ ક્ષેત્ર માં આગળ વધી શકો છો .આ દરેક ક્ષેત્ર ની ઉપયોગિતા આવનાર ભવિષ્ય માં વધવાની જ છે.આપ બસ સારી મહેનત કરીને સારા માર્કસ લાવી આપના મનપસંદ કોઈ પણ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. શુભકામનાઓ.

**૨. વિદેશમાં અભ્યાસ કરવા માટે લેવામાં આવતી એસ.એ.ટી પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- ઉમેશ પ્રજાપતિ**

એસ.એ.ટી એટલે ‘સ્કોલાસ્ટિક એસેસમેન્ટ ટેસ્ટ અથવા વિદ્વાન મૂલ્યાંકન પરીક્ષણ’ અને વિદેશમાં ખાસ કરીને યુ.એસ. અને કેનેડા કોલેજો અને યુનિવર્સિટીઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પરીક્ષા છે.તે લેખિત પરીક્ષા છે અને અરજદારોની ભાષા અને જેમાં ગાણિતિક તર્ક કુશળતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે.ઉપરાંત, તમે જે યુનિવર્સિટીઓ માટે અરજી કરો છો અથવા તમે પ્રવેશ માટે અરજી કરો ત્યારે તમારા એસ.એ.ટી સ્કોર્સને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. એસ.એ.ટી ટેક્સ્ટમાં બેસવા માટે કોઈ સેટ કરેલી એસ.એ.ટી પરીક્ષાનું પાત્રતા અથવા વય માપદંડ ન હોવા છતાં, વિદ્યાર્થીઓ સામાન્ય રીતે હાઈ સ્કૂલ પૂર્ણ કર્યા પછી અને આ પરીક્ષા માટે અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટે પ્રવેશ મેળવવો પડે છે. તેથી, સામાન્ય રીતે, ૧૬-૧૮ વર્ષની વય જૂથના વિદ્યાર્થીઓ આ પરીક્ષા લે છે. એસ.એ.ટી પરીક્ષણની નોંધણીની એક જ જરૂરિયાત છે અને તે છે કે જો તમે પરીક્ષા આપી રહ્યા હોવ તો તમારી પાસે માન્ય અસલ પાસપોર્ટ હોવો આવશ્યક છે. એસ.એ.ટી પરીક્ષણ ફોર્મેટમાં ત્રણ વિભાગ હોય છે, જે અનુભવ આધારિત વાંચન અને લેખન વિભાગ, ગણિત અને વૈકલ્પિક નિબંધ વિભાગ છે.પુરાવા-આધારિત



વાંચન અને લેખન વિભાગમાં એસ.એ.ટી પરીક્ષાનો આ વિભાગ તમારી અંગ્રેજી ભાષાની કુશળતાનું મૂલ્યાંકન કરે છે અને ૨૦૦-૮૦૦ ની વચ્ચેનો સ્કોર આપે છે. તે આગળ વાંચન અને લેખન વિભાગોમાં વહેંચાયેલું છે, જયારે આ બંને વિભાગના સંયુક્ત સ્કોર દ્વારા અંતિમ સ્કોર નક્કી કરવામાં આવે છે. એસ.એ.ટી પરીક્ષાનો વાંચન વિભાગ ૬૫ મિનિટ લાંબો છે અને તેમાં ૫૨ મલ્ટિ-પસંદગીના પ્રશ્નોનો સમાવેશ થાય છે.એસ.એ.ટીનો લેખન અને ભાષા વિભાગ ૩૫ મિનિટ લાંબો છે અને તેમાં ૪ પેસેજ પર આધારિત ૪૪ બહુવિધ પસંદગીના પ્રશ્નો હોય છે. આ વિભાગ પેસેજ એટ્લે કે ફકરાની વિશ્લેષણ અને સંપાદન કરવાની તમારી ક્ષમતા પર કેન્દ્રિત છે, જેનો અર્થ છે કે તમારે વ્યાકરણને સુધારવું પડશે અને પેસેજમાં ફેરફાર કરવો પડશે. એસ.એ.ટી પરીક્ષાના ગણિતનો વિભાગ તમારી ગાણિતિક તર્ક કુશળતાનું મૂલ્યાંકન કરે છે અને તમને ૨૦૦-૮૦૦ પોઈન્ટ્સની શ્રેણીમાં ગ્રેડ કરવામાં આવશે. આ વિભાગ ૮૦ મિનિટ લાંબો છે અને તેમાં૫૮ પ્રશ્નો હોય છે, જેમાં ૮૦% પ્રશ્નો બહુવિધ-પસંદગીના છે, પરંતુ બાકીના ૨૦% પ્રશ્નો વિદ્યાર્થી-પ્રત્યુત્તરના પ્રશ્નો છે જે ગ્રીડ-ઈન્સ તરીકે ઓળખાય છે. એસ.એ.ટીમાં બે મુખ્ય વિભાગો છે - ગણિત અને પુરાવા-આધારિત વાંચન અને લેખન. તમે બે વિભાગમાંના દરેક પર ૨૦૦ થી ૮૦૦ ની વચ્ચેનો સ્કોર મેળવી શકો છો. આમ આટલી બાબતોનું ધ્યાન રાખવામા આવશે તો આપ ચોક્કસ આ પરીક્ષા ઉત્તીર્ણ કરી શકસો. શુભકામનાઓ.

**૩. હું યુ.પી.એસ.સી સિવિલ સર્વિસની પરિક્ષાની તૈયારી ચાલુ કરવા માંગુ છું.આ પરીક્ષા પાસ કરવા માટે કેટલા કલાકનું વાંચન જોઈએ ? માહિતી આપશો.**

**- આદેશ ભટ્ટ , જુનાગઢ**


આપ ચોક્કસ ઉચ્ચકક્ષાના સરકારી અફસર બની શકો છો. તમે જણાવેલી પરીક્ષાઓથી તમે તમારું ધ્યેય ચોક્કસ પ્રાપ્ત કરી શકો છો. તમે કોઈ પણ માધ્યમના વિદ્યાર્થી હોવ, પણ એક વસ્તુ ખુબજ જરૂરી છે અને તે છે ‘મેહનતલ્ર. તમે મેહનત કરો અને ધ્યેય પ્રાપ્ત કરો. યુપીએસસી અથવા એસએસસી ની પરીક્ષા પાસ કરવા માટે સખત મેહનતની જરૂર છે. તેની સાથે-સાથે તમારું મનોબળ પણ ખૂબ મજબૂત હોવું જોઈએ. કેટલા કલાકની મેહનત જોઈએ એ પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ નથી. કોઈ દિવસમાં ૫ કલાક વાંચે તો કોઈ ૧૫. મહત્વની બાબત એ છે કે તમે એક પ્લાન સાથે તૈયારી કરો. તમારા આખા દિવસનો , અઠવાડીયાનો અને મહિનાનો ધ્યેય નક્કી કરો. કેટલું વાંચશો અને કેવી રીતે વાંચશો. અને પછી જ્યાં સુધી નક્કી કરેલ ધ્યેય પૂરો ના થાય ત્યાં સુધી મંડ્યા રહો. કોઈ



પણ વસ્તુ જે તમને તમારા માર્ગ પર થી વિચલિત કરે છે તેવા અડચણોને દૂર કરો. કરંટ અફેર્સ (કરંટ જી.કે) રોજ વાંચો અને તેની નોટ્સ બનાવો. પ્લાનિંગ સાથે એના અમલીકરણ પર પણ ધ્યાન આપો.અને અંગ્રેજી ઉપર ખાસ ધ્યાન આપવા તમે અંગ્રેજી નું વાંચન વધારી શકો છો.આપ એના માટે ન્યૂઝપેપર નું વાંચન તથા વિવિધ મેગેઝીન નું વાંચન કરી શકો છો. તમે તમારા ધ્યેયને ચોક્કસ પ્રાપ્ત કરશો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ. ઓલ ધ બેસ્ટ!

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner



**કાસવાના ગોગા મહારાજને સુંદર શણગાર...**

કડી પાસે આવેલા કાસવા ગામમાં આવેલું નાગ દેવતાનું મંદીર કાહવાના ગોગા તરીકે પ્રસિદ્ધ છે. અહીં સર્વ કોમના રહીશો આસ્થા અને શ્રદ્ધા સાથે દર્શન કરવા આવે છે. અમદાવાદ, ગાંધીનગર, માણસા સહિત અન્ય જગ્યા ઓથી દર્શનાર્થીઓ આવે છે. રવિવારે દર્શનાર્થીઓની સંખ્યા વિશેષ હોય છે.